For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સામા પક્ષના ફોર્મ રદ થતા દિગ્ગજો ફાવી ગયા

બરોડા ડેરીમાં સત્તાધારી પેનલનો એકતરફી વિજય નિશ્ચિત? 13માંથી 6 બિનહરીફ જાહેર

તિલકવાડા અને વડોદરા તાલુકા બેઠક પર 'ચિન્હ'ને લઈ પેનલમાં ભંગાણની સ્થિતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

બરોડા ડેરીની આગામી 18મી માર્ચના રોજ યોજાનારી ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ફોર્મ ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થતા જ ચૂંટણીનું ચિત્ર ઘણું ખરું સ્પષ્ટ થઈ ગયું છે. કુલ બેઠકો પૈકી 6 બેઠકો બિનહરીફ જાહેર થઈ છે, જ્યારે બાકીની 7 બેઠકો પર ચૂંટણીનો જંગ ખેલાશે. જોકે, ઉમેદવારી ફોર્મ ખેંચવાની અંતિમ તારીખ 7મી માર્ચ હોવાથી આખરી ચિત્ર તે દિવસે સ્પષ્ટ થશે.

ચકાસણી દરમિયાન સામા પક્ષના ફોર્મ રદ થતા અથવા અન્ય ટેકનિકલ કારણોસર વર્તમાન બોર્ડના દિગ્ગજ નેતાઓ પોતાની બેઠક જાળવી રાખવામાં સફળ રહ્યા છે.

ચૂંટણી ચિન્હની ફાળવણીમાં પણ આ વખતે નવો વળાંક જોવા મળ્યો છે. ડેરીના હયાત બોર્ડના મોટાભાગના ઉમેદવારોએ 'મીણબત્તી' નું નિશાન મેળવ્યું છે. પરંતુ, તિલકવાડા અને વડોદરા તાલુકા બેઠક પર સામા પક્ષના ઉમેદવારોએ પણ મીણબત્તીનું જ ચિન્હ મેળવી લેતા સત્તાધારી પેનલનું એક સમાન ચિન્હ રાખવાનું ગણિત ખોરવાયું છે. બીજી તરફ, બે ઉમેદવારોને હજુ ચિન્હ ફાળવવામાં આવ્યા નથી.

આગામી 7મી માર્ચ સુધીમાં જો કોઈ ઉમેદવાર ફોર્મ ખેંચે છે, તો બિનહરીફ બેઠકોની સંખ્યામાં વધારો થઈ શકે છે. અન્યથા 18મી માર્ચના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

કઈ બેઠક પર કેટલા ઉમેદવારો વચ્ચે જંગ?

બેઠક	ઉમેદવાર		
સાવલી:	2	ડભોઈ:	4
ડેસર:	4	પાવીજેતપુર:	3
કરજણ:	3	વડોદરા તાલુકા:	3
		તિલકવાડા:	4

આ બેઠકો બિનહરીફ

નસવાડી બેઠક: અહીંથી માત્ર એક જ ફોર્મ ભરાયું હોવાથી ડેરીના ઉપપ્રમુખ જી.બી. સોલંકી અગાઉ જ બિનહરીફ જાહેર થયા હતા.

પાદરા બેઠક: ડેરીના પ્રમુખ દિનુ મામા (દિનેશ પટેલ) ફરી એકવાર બિનહરીફ વિજેતા જાહેર થયા છે.

અન્ય બિનહરીફ બેઠકો: સંખેડા બેઠક પરથી ક્રિપાલસિંહ મહારાઉલ, બોડેલીથી રમેશભાઈ બારીયા, વાઘોડિયાથી રાજુભાઈ અલવા અને છોટાઉદેપુર બેઠક પરથી સંગ્રામસિંહ રાઠવાના વિરોધી ઉમેદવારોના ફોર્મ રદ થતા તેઓ ફરી ડિરેક્ટર તરીકે રિપીટ થયા છે.

બરોડા ડેરીના જંગમાં 'મામા'નું શાસન અકબંધ: પાદરામાંથી દિનેશ પટેલ બિનહરીફ

પાંચ ધારાસભ્યોની આક્રમક વ્યૂહરચના નિષ્ફળ; સહકારી ક્ષેત્રના 'ચાણક્ય' સામે વિરોધીઓના મનસૂબા પર ફેરવાયું પાણી

(પ્રતિનિધિ) વડોદરા તા.2

વડોદરા જિલ્લાના સહકારી ક્ષેત્રમાં પ્રતિષ્ઠાનો જંગ ગણાતી બરોડા ડેરીની ચૂંટણીમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. સહકારી ક્ષેત્રના 'ચાણક્ય' ગણાતા દિનેશ પટેલ ઉર્ફે દીનુ મામા પાદરા ઝોનમાંથી બિનહરીફ જાહેર થયા છે. આ સફળતા બાદ આજે બરોડા ડેરી ખાતે બિનહરીફ થયેલા ઉમેદવારોનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

બરોડા ડેરીનો વહીવટ હસ્તગત દીનુ મામાની બિનહરીફ વરણી થતા વિરોધી છાવણીમાં સોપો પડી ગયો છે. આ ઘટનાને રાજકીય વર્તુળોમાં "સામી હોળીએ હૈયા હોળી" સમાન ગણવામાં આવી રહી છે.

દીનુ મામાએ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, તેમણે અગાઉ જ ભવિષ્યવાણી કરી હતી કે છ બેઠકો બિનહરીફ થશે, જે આજે સાચી પડી છે. દીનુ મામા ઉપરાંત જી.બી. સોલંકી, સંગ્રામસિંહ રાઠવા, રાજુ અલવા અને કૃપાલસિંહ રાવલજી પણ બિનહરીફ જાહેર થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

પોતાની જીત અંગે પ્રતિક્રિયા આપતા દીનુ મામાએ જણાવ્યું કે, "અમે કુદરત ભરોસે ચાલીએ છીએ અને ઉપરવાળાએ વિરોધીઓની મુરાદ પૂરી થવા દીધી નથી." તેમણે વધુમાં ઉમેર્યું કે પાદરા તાલુકાના સરપંચો, બજાર સમિતિના ડિરેક્ટરો અને પશુપાલકો તેમની સાથે છે, જેના કારણે તેમનું મનોબળ ક્યારેય તૂટ્યું નથી. નોંધનીય છે કે બરોડા ડેરી વડોદરા જિલ્લાના હજારો પશુપાલકો અને ખેડૂતો માટે જીવાદોરી સમાન છે. વર્તમાન અધ્યક્ષ દીનુ મામાના માર્ગદર્શન હેઠળ પશુપાલકોને દૂધના યોગ્ય ભાવ મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ બિનહરીફ વરણી બાદ હવે ડેરીના વહીવટમાં દીનુ મામાની પકડ વધુ મજબૂત બની છે.

ફોર્મ ચકાસણીના અંતે 31 ફોર્મ માન્ય, 24 અમાન્ય ઠર્યા

4 ઝોનમાં માત્ર એક-એક ફોર્મ આવતા બિનહરીફની શક્યતા; આગામી 7 માર્ચ સુધી ફોર્મ ખેંચી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

બરોડા ડેરીની આગામી ચૂંટણીને લઈને વહીવટી પ્રક્રિયા તેજ બની છે. ચૂંટણી અધિકારી ઐશ્વર્યા દુબે દ્વારા ફોર્મ ચકાસણી બાદ મહત્વની વિગતો જાહેર કરવામાં આવી છે. ડેરીની ચૂંટણી માટે ભરાયેલા કુલ 55 ઉમેદવારી ફોર્મમાંથી ચકાસણીના અંતે 31 ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે, જ્યારે 24 ફોર્મ વિવિધ કારણોસર અમાન્ય ઠર્યા છે.

ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર, ઝોન નંબર 1, 10, 11 અને 13 માં માત્ર એક-એક ઉમેદવારના જ ફોર્મ આવ્યા છે. આથી, આ ચાર બેઠકો પર ઉમેદવારો બિનહરીફ જાહેર થાય તેવી પૂરેપૂરી શક્યતા છે. જોકે, તેની સત્તાવાર જાહેરાત આગામી 9 માર્ચના રોજ કરવામાં આવશે.

ઉમેદવારોને ચૂંટણી પ્રતીકોની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. મોટાભાગના ઉમેદવારોને તેમની પ્રથમ પસંદગીના પ્રતીકો મળ્યા છે, જ્યારે અમુકને બીજી પસંદગીના પ્રતીકો ફાળવાયા છે. ચાલુ વર્ષે ઉમેદવારોમાં 'મીણબત્તી' અને 'હાથબત્તી' જેવા પ્રતીકોની માંગ વધુ જોવા મળી હતી.

વડોદરા મહાનગરપાલિકાની ઘોર નિદ્રા

અમિતનગર પાસે લાખો લિટર શુદ્ધ પીવાનું પાણી ગટરમાં હોમાયું

એક તરફ ઉનાળાની તરસ, બીજી તરફ પાલિકાની બેદરકારીનું 'પૂર', તંત્રની ઘોર નિદ્રાથી પ્રજામાં રોષ

(પ્રતિનિધિ), વડોદરા. તા.2

વડોદરામાં હજુ તો ઉનાળાની વિધિવત શરૂઆત થઈ છે ત્યાં જ મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી અને નિષ્કાળજી સામે આવી છે. શહેરના કારેલીબાગ, વી.આઈ.પી. રોડ પર આવેલી અમિતનગર સોસાયટી પાસે આજે પીવાના શુદ્ધ પાણીની પાઈપલાઈનમાં લીકેજ સર્જાતા લાખો લીટર પાણીનો વેડફાટ જોવા મળ્યો હતો. આ દ્રશ્યો જોઈને એવું લાગતું હતું કે પાલિકાને પાણી બચાવવામાં નહીં, પણ ગટરો ભરાવવામાં વધુ રસ છે. પાઈપલાઈનમાં લીકેજ હોવા છતાં કલાકો સુધી પાણીનો પ્રવાહ ચાલુ રહ્યો હતો. હજારો-લાખો લીટર શુદ્ધ અને પીવાલાયક પાણી રસ્તાઓ પર ફરી વળ્યું હતું અંતે ગટરમાં વહી ગયું હતું. આ એ જ પાણી છે જેના માટે શહેરના અનેક વિસ્તારોમાં લોકો ઓછા પ્રેશર કે ગંદા પાણીની ફરિયાદો કરી રહ્યા છે. પાલિકા દ્વારા કરોડોના ખર્ચે 'વોટર સેવિંગ'ના પ્રચાર કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક જુદી જ છે. અમિતનગર પાસે જે રીતે શુદ્ધ પાણીની નદીઓ વહી રહી છે, તે જોઈને પસાર થતા નાગરિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. પ્રશ્ન એ થાય છે કે, પ્રજા પાસેથી પાણી વેરો વસૂલવામાં તંત્ર જરાય પાછીપાની કરતું નથી,

વડોદરાના માંજલપુરમાં 'ગુજરાતની સૌથી મોટી' પ્રગટાવાઈ

■ સંસ્કારી નગરીમાં હોળી-ધૂળેટીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં માંજલપુર વિસ્તારના ગ્રામજનો દ્વારા પ્રગટાવવામાં આવતી હોળી આકર્ષણનું કેન્દ્ર બની હતી. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ વડોદરાની જ નહીં પણ સમગ્ર ગુજરાતની સૌથી મોટી હોળી છે. માંજલપુર ગામમાં હોલિકા દહનની આ પરંપરા છેલ્લા 150 વર્ષથી પણ વધુ સમયથી અવિરત ચાલી આવે છે. **(તસવીર : રણજીત સૂર્યે)**

ખાલી ખુરશીઓ જોઈ અરજદારો પરેશાન

સમા મામલતદાર કચેરીમાં 'સાહેબો' ગાયબ, કલેક્ટરના પરિપત્રના ધજાગરા!

કચેરીમાં માત્ર એક જ અધિકારી હાજર, જનતાના કામો રામભરોસે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

શહેરના સમા વિસ્તારમાં આવેલી મામલતદાર કચેરીમાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. જિલ્લા કલેક્ટર દ્વારા કચેરીમાં હાજર રહેવા અંગે સ્પષ્ટ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હોવા છતાં, આજે કચેરીના મોટાભાગના અધિકારીઓ પોતાની ખુરશી પરથી ગાયબ જણાતા દૂર-દૂરથી આવેલા અરજદારો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, સમા મામલતદાર કચેરીમાં વિવિધ સરકારી કામકાજ અર્થે સવારથી જ લોકોની ભીડ જામી હતી. જોકે, કચેરીમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે મોટાભાગના જવાબદાર અધિકારીઓ હાજર નહોતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, કચેરીમાં માત્ર એક જ અધિકારી કામ કરતા નજરે પડ્યા હતા, જ્યારે અન્ય તમામ અધિકારીઓ રજા પર ઉતરી ગયા હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

નોંધનીય છે કે જિલ્લા કલેક્ટર દ્વારા તાજેતરમાં જ તમામ મામલતદાર કચેરીઓમાં કામગીરી સુચારૂ રીતે ચાલે તે માટે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આમ છતાં, સમા મામલતદાર કચેરીમાં જોવા મળેલી આ સ્થિતિ અધિકારીઓની મનસ્વી કામગીરી અને 'લાલિયાવાળી' તરફ આંગળી ચીંધે છે. કચેરીમાં આવેલા એક મહિલા અરજદારે પોતાનો રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ જરૂરી કામ માટે અહીં આવ્યા છે પરંતુ અધિકારીઓ હાજર ન હોવાથી તેમને ધક્કા ખાવા પડી રહ્યા છે. અનેક લોકો પોતાનો રોજગાર અને અન્ય કામો છોડીને સરકારી કચેરીના કામકાજ માટે આવતા હોય છે, ત્યારે તંત્રની આવી શિથિલતાને કારણે જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પીજી મેડીકલમાં ચાર રાઉન્ડના અંતે 48 બેઠકો ખાલી : નવા રાઉન્ડની માંગ

પીજી મેડિકલમાં ચાર રાઉન્ડના અંતે કુલ 2611 બેઠકો પર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે ચાર રાઉન્ડના અંતે 48 બેઠકો ખાલી પડી છે નિયમ પ્રમાણે નવું રાઉન્ડ શરૂ કરવાની મંજૂરી આપવામાં ન આવે તો હાલમાં ખાલી પડેલી બેઠકો હવે ખાલી રાખવામાં આવશે. જુદા જુદા રાજ્યોમાં મળીને 1 હજારથી વધારે બેઠકો ખાલી હોવાથી હાલમાં દરેક રાજ્યો દ્વારા નવા રાઉન્ડની માંગણી કરવામાં આવી છે. સ્થાનિક મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા પણ નવા રાઉન્ડની માંગણી કરવામાં આવે તેવી શક્યતા છે.

પીજી મેડિકલમાં ચાર રાઉન્ડના અંતે કુલ 2611 બેઠકો પર વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવી લીધો છે. પીજી મેડિકલમાં પ્રવેશ માટે અંદાજિત 5600 વિદ્યાર્થીઓ અરજી કરી હતી. ગુજરાતમાં જુદી જુદી બ્રાન્ચની 48 બેઠકો ખાલી પડી છે. જેમાં બાયો કેમેસ્ટ્રીની ત્રણ કોમ્યુનિટી મેડિસિનની સાત ફોરેન્સિક મેડિસિનની એક માઈક્રોબાયોલોજીની નવ ફીઝીઓની 17 એનેટોમીની 11 મળીને એમડી એમ.એસની 48 બેઠકો ખાલી પડી છે. બીજી બાજુ દેશના ઉત્તર પ્રદેશમાં 350 પશ્ચિમ બંગાળમાં 50 થી વધારે બેઠકો ખાલી છે. ત્યારે રાજ્યની ઓલ ઈન્ડિયા કોટામાં ગયેલી 800 બેઠકો પૈકી કેટલીક બેઠકો ખાલી પડી છે. સમગ્ર દેશમાં સૌથી વધારે બેઠકો ખાલી છે. મહત્વની વાત છે કે પર્સન્ટાઈલ ઘટાડ્યા પછી પણ આ બેઠકો ખાલી પડી છે. ખાલી પડેલી બેઠકો પૈકી મોટાભાગની બેઠકો મેડિકલ કોલેજોની હોવાના કારણે હાલમાં નવો રાઉન્ડ કરવાની માંગણી ઉઠી રહી છે.

2 ડીગ્રીના વધારા સાથે ગરમીનો પારો 35.2 ડીગ્રી નોંધાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.2

વડોદરા શહેરમાં સોમવારે બે ડીગ્રી તાપમાન વધીને ગરમીનો પારો 35.2 ડીગ્રીએ પહોંચી ગયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન 19.4 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 69 ટકા અને સાંજે 29 ટકા નોંધાયું હતું. માર્ચ મહિનાના બીજા સપ્તાહથી ગરમી વધવા લાગશે. સમગ્ર મહિના દરમિયાન મહત્તમ તાપમાન 35 થી 40 ડીગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન 20 થી 24 ડીગ્રી સુધી જોવા મળશે. નિષ્ણાંતોના મતે ઉત્તરમાં હિમાલયમાં સતત આવતા પશ્ચિમી વીક્ષોભને કારણે માર્ચ મહિના દરમિયાન લઘુત્તમ તાપમાનના પારામાં ખૂબ જ સામાન્ય વધઘટ જોવા મળશે. જો કે મહત્તમ તાપમાનના પારામાં સતત વધારો નોંધાશે. શિયાળાની ઋતુની વિદાય સાથે હવે માર્ચ મહિના દરમિયાન ગરમી વધવા લાગશે. ઉનાળાની શરૂઆત સાથે માર્ચ મહિનાના પ્રથમ સપ્તાહ દરમિયાન રાત્રે ખૂબ સામાન્ય ઠંડક વર્તાશે.

કલ્યાણનગરમાં હિન્દુ યુવકને ભજન નહીં વગાડવા મુદ્દે લઘુમતીની દાદાગીરી

ટોળાએ ઘરમાં ઘુસી યુવકને ધમકાવ્યો, યુવકે વીડિયો ઉતારી પોલીસમાં અરજી આપી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

કલ્યાનગર વિસ્તારમાં બનાવાયેલા આવાસના મકાનમાં હિન્દુ યુવકને ભજન નહી વગાડવા મુદ્દે મુસ્લિમ પરિવારના લોકો દાદાગીરી કરવા લાગ્યાં હતા અને ઘરમાં ઘુસી ધમકી આપી હતી. જેથી યુવકે મોબાઈલમાં મુસ્લિમ લોકોનો વીડિયો મોબાઈલ ઉતારી પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. જેથી પોલીસે બે મુસ્લિમ શખ્સ સામે અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેરના કલ્યાણનગર વિસ્તારમાં ઝુપડપટ્ટી તોડી નાખ્યાં બાદ ત્યાં આવાસના મકાનો બનાવવામાં આવ્યાં છે અને તેમાં એક બ્લોકમાં 20 મુસ્લિમ તથા ત્રણ હિન્દુ પરિવાર વસવાટ કરી રહ્યા છે. ત્યારે હાલમાં મુસ્લિમ અને હિન્દ ધર્મના લોકોને તહેવારો ચાલી રહ્યા છે. ત્યારે હિન્દુ યુવકે પોતાના મકાનમાં ભજન વગાડી રહ્યો હતો. ત્યારે મુસ્લિમ યુવક અને તેના પરિવારના સભ્યો દ્વારા હિન્દુ યુવકને તેમના ઘર સુધી અવાજ ન સંભળાય તે રીતના ભજન ધીમા અવાજથી વગાડવા માટે કહ્યુ હતું. જેથી યુવક નમાજ પઢતા હોય તેને ધ્યાનમાં રાખીને અવાજ ઓછો કરીને વગાડી રહ્યો હતો. તેમ છતાં આ મુસ્લિમ પરિવારના લોકોએ યુવક સાથે દાદાગીરી કરવા લાગ્યાં હતા અને યુવકના બે પુરુષો સહિત મહિલાઓ પણઘુસી આવ્યાં હતા અને યુવક ઝપાઝપી કરી હતી. જેમાં મહિલાએ યુવકને કહ્યું હતું કે તુ મારા દીકરીને ઓળખતો નથી તારા તાટિયા તોડી નાખશે તેવુ કહી ધમકી આપતી હતી. ત્યારે યુવકે તેના ઘરમાંથી આ મુસ્લિમ લોકોના ટોળાનો વીડિયો મોબાઈલમાં ઉતારી લીધી હતો. ત્યારબાદ આ મુસ્લિમ લોકોના ટોળા સામે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. જેમાં પોલીસે બે મુસ્લિમ પુરુષો સામે અટકાયતી પગલા ભરી કાર્યવાહી હાથ ધરી હતી.

'બુરા ન માનો હોલી હૈ'... પણ ગ્રહણથી તો બચજો!

જાણો હોળી પર કઈ રાશિના કપડાં ફાટશે અને કોને મળશે ખજાનો?

વડોદરાના જ્યોતિષીની રમૂજભરી આગાહી: ફુગ્ગાના મારથી બચવા અને પ્રેમ વ્યક્ત કરવા માટે ગ્રહોનો સાથ કોને મળશે?

(પ્રતિનિધિ) વડોદરા તા.2

સંસ્કારી નગરી વડોદરામાં આ વર્ષે હોળીના પર્વ પર ખગોળીય ઘટના અને ધાર્મિક આસ્થાનો અનોખો સંગમ જોવા મળશે. ફાલ્ગુન શુક્લ પક્ષની પૂર્ણિમાએ જ્યારે ચંદ્ર સિંહ રાશિમાં ગોચર કરી રહ્યો છે, ત્યારે ચંદ્રગ્રહણની સ્થિતિ સર્જાઈ રહી છે. આ ગ્રહણને કારણે હોળીકા દહનના સમયને લઈને ભક્તોમાં થોડી મૂંઝવણ છે, પરંતુ જ્યોતિષીઓ માની રહ્યા છે કે આ ગ્રહણની અસર તમામ 12 રાશિઓ પર રમૂજી અને ગંભીર એમ બંને રીતે જોવા મળશે.

વડોદરાના જાણીતા જ્યોતિષ પ્રદીપ પંડ્યાના જણાવ્યા મુજબ, "ગ્રહણ ભલે ખગોળીય ઘટના હોય, પણ તેની અસરો માનવ જીવન પર ચોક્કસ પડે છે. આ વખતે હોળીના રંગોમાં ભંગ ન પડે તે માટે રાશિ મુજબ સાવધાની રાખવી જરૂરી છે."

શું છે આ ચંદ્રગ્રહણ?

જ્યારે પૃથ્વી, સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવી જાય છે ત્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર પડે છે, જેને ચંદ્રગ્રહણ કહેવાય છે. આ વખતે હોળી પર ચંદ્ર સિંહ રાશિમાં હોવાથી અને પૂર્ણિમાની તિથિ હોવાથી તેનું મહત્વ વધી જાય છે. શાસ્ત્રોક્ત રીતે ગ્રહણના સૂતક કાળ અને દાન-પુણ્યનું વિશેષ મહત્વ હોય છે, જોકે આ વખતે હોળીના પર્વને કારણે લોકોમાં ઉત્સાહ અને સાવધાની બંને જોવા મળી રહ્યા છે.

કઈ રાષી માટે કેવી રહેશે હોળી?

મેષ: પ્રેમ વ્યક્ત કરવાનો ઉત્તમ સમય. જો દિલની વાત કહેવી હોય તો ગુલાલ લગાવીને કહી દેજો, ગ્રહો સાથ આપશે.

વૃષભ: ચોથા ભાવનો ચંદ્ર સંઘર્ષ કરાવી શકે. કોઈ રંગ લગાવવા આવે તો શાંતિથી લગાડી લેવા, નહીંતર કપડાં ફાટવાની નોબત આવી શકે છે!

મિથુન: ભાગ્યના દરવાજા ખુલશે. પાણીના ફુગ્ગાનું નિશાન પરફેક્ટ લાગશે. દિવાળી પહેલા ઘર રંગાઈ જાય તેવી પણ શક્યતા છે.

કર્ક: સાવધાન! કોઈ કાદવ ફેંકી શકે છે. પાણીથી બચજો, શરદી થવાની શક્યતા છે.

સિંહ: ચંદ્ર તમારી રાશિમાં જ છે પણ ગ્રહણ નડશે. ઘરે રહીને શાંતિથી હોળી મનાવવી હિતાવહ છે.

કન્યા: ખર્ચ વધી શકે છે. આજુબાજુ જોતા રહેજો, અચાનક ફુગ્ગો મોઢા પર આવી શકે છે.

તુલા: તમને જલસા છે! બીજાના રંગે હોળી રમવાનો યોગ છે. ઓફિસમાં હોવ તો કર્મચારીઓ પાસે કામ કરાવી શકશો.

વૃશ્ચિક: જેટલું કામ કરશો એટલી મજા આવશે. પણ હા, જીવનસાથી માટે નવા કપડાં લાવવાનું ભૂલતા નહીં.

ધનુ: નસીબ જોર કરશે. જો તમારે રંગાવું ન હોય તો કોઈની હિંમત નહીં ચાલે. જોકે, એલર્જીથી સાવધ રહેવું.

મકર: આઠમો ચંદ્ર લપસાવી શકે છે. ફુગ્ગાઓના મારથી બચવું અને ચાલવામાં ધ્યાન રાખવું.

કુંભ: ભાંગ કે નશાકારક પદાર્થોથી દૂર રહેવું. કેસુડાના ફૂલ કે ઓર્ગેનિક રંગોનો જ ઉપયોગ કરવો.

મીન: ભૂતકાળના કર્મોનું ફળ મળશે. રંગાયા વગર પણ દિવસ સુધરી જશે. બધાને પ્રેમથી રંગ લગાવો.

લકડીપુલ પાસે રસ્તો ક્રોસ કરી રહેલી બે મહિલાને બાઈક ચાલકે હવામાં ફંગોળી!

ગંભીર રીતે ઈજાગ્રસ્ત એક યુવતી SSG હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે

(પ્રતિનિધિ) વડોદરા તા.2

શહેરમાં બેફામ વાહન હંકારતા ચાલકોનો આતંક યથાવત રહ્યો છે. શહેરના વ્યસ્ત ગણાતા લકડીપુલ વિસ્તાર પાસે આજે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક પૂરપાટ ઝડપે આવી રહેલા બાઈક સવારે રસ્તો ક્રોસ કરી રહેલી બે યુવતીઓને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં એક યુવતીની હાલત અત્યંત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરાના લકડીપુલ વિસ્તારમાં રફતારનો કહેર જોવા મળ્યો હતો. એક બાઈક ચાલક પોતાની બાઈક પૂરપાટ ઝડપે હંકારી રહ્યો હતો, તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી બે યુવતીઓને તેણે જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભીષણ હતી કે બંને યુવતીઓ ફંગોળાઈને રોડ પર પડી હતી.

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે બાઈક ચાલકે કેટલી બેદરકારીથી વાહન હંકારી યુવતીઓને અડફેટે લીધી હતી. આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

અકસ્માતને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી યુવતીને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જ્યાં તેની હાલત નાજુક હોવાનું તબીબી સૂત્રો જણાવી રહ્યા છે. બીજી યુવતીને પણ નાની-મોટી ઈજાઓ પહોંચી છે.

સ્થાનિક પોલીસે આ મામલે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે અને બાઈક ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરી છે. વધતા જતા અકસ્માતોને કારણે ટ્રાફિક પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે.